# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## HSC RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે રાજ્યમાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું 30.48 ટકા પરિણામ જાહેર કર્યું છે. સત્તાવાર માહિતી મુજબ, રાજ્યમાં જૂન અને જુલાઈ મહિના દરમિયાન લેવાયેલી આ પૂરક પરીક્ષા 26 હજાર 927 વિદ્યાર્થીએ આપી હતી. આમાંથી 8 હજાર 142 વિદ્યાર્થીઓ જ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે.

માર્ચ મહિનામાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય પરંતુ આ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં "બેસ્ટ ઑફ ટૂ"ના લાભ સાથે જૂન અને જુલાઈ મહિનાની પરીક્ષા માટે 8 હજાર 62 વિદ્યાર્થી નોંધાયા હતા. આમાંથી 4 હજાર 245 ઉમેદવારનું પરિણામ સુધર્યું છે.

(બાઈટ ડી.એસ. પટેલ, ડેપ્યુટી ચેરમેન,ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કચેરી)

-----------------

## MEGH MALHAR

ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે 'સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો આજે પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાએ આ પર્વનો આરંભ કરાવ્યો હતો..

પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા રાજ્ય સરકાર 'સાપુતારા-શબરી ધામથી સ્ટેચ્યુ ઓફ યુનિટી' સુધીની પ્રવાસન સર્કિટ વિકસાવવા બાબતે પણ કાર્યારંભ કરવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ મંત્રીએ કર્યો હતો.

ગિરિમથક સાપુતારા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ, રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા આજથી ૨૮ ઓગસ્ટ સુધી એટલે કે  એક માસ સુધી 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કર્યું છે. 'મેઘ મલ્હાર પર્વ' ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ સ્ટેપ ગાર્ડન સર્કલ પાસેથી 'રેઇન રન મેરેથોન'નો પણ પ્રારંભ કરાવાયો હતો..

.................

# DISTRICT RAIN

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 55.93 ટકા વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. આમાંથી સૌથી વધુ 75.69 ટકા વરસાદ કચ્છ જિલ્લામાં વર્સ્યો છે. જ્યારે સૌથી ઓછો 30.12 ટકા વરસાદ ઉત્તર ગુજરાતમાં નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ, અત્યાર સુધીમાં 34 તાલુકામાં સરેરાશ 39 ઈંચ અને 43 તાલુકામાં 20થી 39 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરના માણસા તાલુકામાં સવારે 11 વાગ્યા સુધી ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. ધોધમાર વરસાદને પગલે ઈટાદરા, સોલૈયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. જ્યારે માણસા-ગાંધીનગર હાઈ-વે પર દ્રશ્યતા ઘટી જતાં વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. તો આ તરફ ખેડૂતો વાવણીમાં જોડાઈ ગયા છે.

પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધી મોસમનો 31 ટકા વરસાદ નોંધાયો છે અને 1 લાખ 52 હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. પાનમ ડેમમાં પણ નવા નીર ની આવક નહીવત્ હોવાથી તે 52 ટકા જેટલો જ ભરાયો છે. હજી ખેડૂતો સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં વહેલી સવારથી મેઘ મહેરને પગલે હાલોલ શામળાજી હાઈ-વે પર પાણી ભરાતા તેમજ ખાનપુર લીમડિયા હાઈ-વે પર વૃક્ષો ધરાશાયી થયા હતા, માર્ગ બંધ થઈ જતાં તંત્રએ સ્થળ પર જઈ માર્ગ વ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો. જીલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં 4 ઈંચ અને સંતરામપુરમાં 5 ઈંચ વરસાદને લઈ ચીબોટ નદી બે કાંઠે વહી રહી છે જેના કારણે રાજ્યના 8 જીલ્લા માટે જીવાદોરી સમાન કડાણા ડેમમાં પણ 6 હજાર કયુસેક પાણીની આવકને લઈ કડાણા ડેમની જળ સપાટી વધી રહી છે.

. . . . . . . . . . . . . . . .

## RAIN

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આજે સવારે ૮ થી ૧૦માં પાંચ ઇંચથી વધુ જયારે સવારે ૬ થી ૮માં મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ૪ ઇંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં ૪ ઇંચ, વસો તાલુકામાં 3 ઇંચ, દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં 3 ઇંચ, જ્યારે મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં 3 ઇંચ વરસ્યો છે.

રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલ મુજબ મહુધા, ઝાલોદ, મોરવા-હડફ, લુણાવાડા, સિંગવડ, ફતેહપુરા અને

કડાણા મળીને કુલ સાત તાલુકાઓમાં બે-બે ઇંચ વરસાદ પડ્યો છે. પેટલાદ, આણંદ, સોજીત્રા, મહેમદાવાદ, ખેડા, લીમખેડા, વીરપુર, દેવગઢ બારિયા, કપડવંજ અને માતર મળીને કુલ ૧૦ તાલુકાઓમાં એક-એક ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના ૨૫ તાલુકાઓમાં અડધો ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં વહેલી સવારથી ભારે વરસાદ વરસ્યો હતો. સરેરાશ એક ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. વાસણા બેરેજના બે દરવાજા ખોલવામાં આવ્યા છે.

---------------

## Jalashay water level

રાજ્યમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના પરિણામે ૪૫ જળાશયો સંપૂર્ણ છલકાતાં અને સાત જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં એક લાખ 78 હજાર ૨૮૬ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિનો ૫૩.૩૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૨ લાખ ૬૪ હજાર ૩૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૪૭.૧૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮.૦૦ વાગ્યા સુધીમાં રાજ્યમાં ભારે વરસાદના પરિણામે સરદાર સરોવર યોજનામાં ૨૩,૪૮૬ ક્યુસેક, ઉકાઈમાં ૩૬,૩૦૭ ક્યુસેક, દમણગંગામાં ૭,૦૧૮ ક્યુસેક, કડાણામાં ૬,૬૭૪ ક્યુસેક, પાનમમાં ૬,૬૪૮ ક્યુસેક અને હડફમાં ૫૫૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ સિવાય રાજ્યના ૩૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે.

---------